# કાળાનાણાંનો ખુલાસો કરનારની ઓળખ ગુપ્ત રખાશે

નવી દિલ્હી,તા. ૩

દેશભરમાં ભારે વિવાદ જગાવનાર અને કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારને પણ ટિકા ટિપ્પણીનો સામનો કરવાની ફરજ પાડનાર બ્લેક મનીના મામલામાં ખુલાસાને લઇને નિયમો જારી કરી દેવામાં આવ્યા છે. નવા નિયમો ઉપર બ્લેકમની અંગ ખુલાસા કરનારની ગુપ્તતાને પ્રાથમિકતાને અપાશે. આના માટે ૩૦મી સપ્ટેમ્બર સુધીની મહેતલ આપવામાં આવી છે. ૩૦મી સપ્ટેમ્બરની અવધિના ગાળા દરમિયાન જાહેર કરવામાં આવેલી સંપત્તિ અથવા આવક પર ૬૦ટકા ટેક્સ અને દંડ રહેશે પરંતુ જેલની સજા કરાશે નહીં. બ્લેકમનીના ખુલાસા સાથે સંબંધિત નિયમો નોટિફાઇડ કરી દેવામાં આવ્યા છે. સરકારે વિદેશી સંપત્તિને મૂલ્યાંકનની ફોર્મ્યુલા નક્કી કરી દીધી છે. સાથે સાથે વિદેશી સંપત્તિનો ખુલાસો કરનાર વ્યક્તિની ગુપ્તતા સાથે જોડાયેલા પ્રશ્નો ઉપર પણ સ્પષ્ટતા કરી દીધી છે. કઠોર બ્લેકમનીના કાયદાઓ પહેલી જુલાઈના દિવસે અમલી બનાવી દેવામાં આવ્યા હતા. આ નોટિફિકેશન મુજબ જો કોઇ વ્યક્તિએ જ્વેલરી અને સ્ટોન રાખ્યા છે તો ફોર્મ્યુલા હેઠળ સોના, હીરા મોંઘા સ્ટોનની ખરીદારીના સમયની કિંમત અને બજાર કિંમતમાં જે વધારે હશે તે કિંમત અસલ કિંમત ગણવામાં આવશે. શેર અને સિક્યુરિટીના મામલામાં ઉંચી કિંમતમાં શેર ખરીદ્યા છે અને હવે શેરની કિંમત ઘટી ગઇ છે તો પણ ઉપરની કિંમત સાથે હિસાબ ગણવામાં આવશે. આ ફોર્મ્યુલા મુજબ કાળાનાણા દર્શાવનારની તમામ બાબતો ગુપ્ત રાખવામાં આવશે પરંતુ આ લોકોને કેટલાક પસંદગીના અધિકારીઓની સામે નામ દર્શાવવા પડશે. બ્લેકમનીનો ખુલાસો કરનાર લોકોને કમાણીના સોર્સ અંગે પ્રશ્ન કરવામાં આવશે નહીં. સાથે સાથે ખુલાસા કરનાર લોકોની માત્ર એજ વાત કરવી પડશે કે આ નાણાં આતંકવાદી સોર્સ પાસેથી આવ્યા નથી. વિદેશમાં સ્થિત સંપત્તિના મૂલ્યાંકન ખરીદી કિંમત અથવા તો વર્તમાન બજાર કિંમતમાં જે વધારે હશે તે ફોર્મ્યુલાના આધાર પર રહેશે. કાળા નાણાના ખુલાસા કરવા માટે ૩૦મી સપ્ટેમ્બર સુધીની મહેતલ આપવામાં આવી છે. બ્લેકમની કાયદા હેઠળ એસેટ વેલ્યુએશન અથવા તો સંપત્તિ મૂલ્યાંકન માટેના નિયમો જારી કરી દેવામાં આવ્યા છે. જ્વેલરી, કિંમતી પથ્થરો, કિંમતી સંપત્તિ સહિત વિદેશી સંપત્તિની કિંમતોને ઉંચી માર્કેટ કિંમતની દ્રષ્ટિએ ગણવામાં આવશે. જેમાં જ્વેલરી, કિંમતી પથ્થરો ઉપરાંત આર્કિયોલોજિકલ કલેક્શન, પેઇન્ટિંગ, શેર અને સિક્યુરિટી અને વિદેશમાં અન્યલિસ્ટેડ કંપનીઓના શેરનો સમાવેશ થાય છે. વિદેશી બેંક ખાતાઓમાં વેલ્યુને લઇને પણ ગણતરી કરવામાં આવનાર છે. બ્લેકમની સાથે સંબંધિત કાયદામાં કઠોર જોગવાઈઓ કરવામાં આવી છે જેમાં ૧૨૦ ટકાના દંડની પણ વ્યવસ્થા છે. નિર્ધારિત ૯૦ દિવસની અવધિ પુરી થઇ ગયા બાદ વિદેશમાં જાળવી રાખવામાં આવેલી સંપત્તિ અથવા આવક પર કુલ ટેક્સ અને ૧૨૦ ટકા દંડની રકમ રહેશે. આ ગાળા દરમિયાન જાહેર કરવામાં આવતી સંપત્તિ અને આવક પર ૬૦ ટકા ટેક્સ અને દંડ લાગશે જેમાં જેલની સજા જેવી પીનલ જોગવાઈઓ રહેશે નહીં. ૩૦મી સપ્ટેમ્બર સુધી આ ગાળો રહેશે.તેમની પાસે ટેક્સ ચુકવવા ૩૧મી ડિસેમ્બર સુધીનો સમય રહેશે.



**ગ્રામિણ મહિલાઓ માટે ઉપયોગ કાર્યક્રમ**

## ડિજિટલ ઈન્ડિયા : રતન તાતા ખુબ પ્રભાવિત

મુંબઈ ,તા.૩

રતન તાતાએ ડિજિટલ ઈન્ડિયા પહેલની જોરદાર પ્રશંસા કરી છે. ભારત સરકારના ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમની પ્રશંસા કરતા રતન તાતાએ કહ્યું છે કે, ડિજિટલી રીતે જોડાયેલા ભારતથી નાગરિકોના હાથમાં ઘણી બધી સત્તાઓ આવી જશે. વિશ્વના બાકીના દેશ સાથે લોકો સરળતાથી જોડાઈ શકશે. રતન તાતાએ કહ્યું હતું કે, ડિજિટલ ઈન્ડિયા પહેલા ક્રાંતિકારી પણ સાબિત થઈ શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ વાસ્તવિકતાને પ્રાથમિકતા આપી છે કે, ભારતને ડિજિટલ દેશ બનાવવામાં આવે તે જરૂરી છે. ગ્રામિણ મહિલાઓની અંદર ઈન્ટરનેટ ઉપયોગને મહત્વ મળે તે દિશામાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં એક કાર્યક્રમ શરૂ કરતી વેળા રતન તાતાએ કહ્યું હતું કે, ગ્રામિણ મહિલાઓની કુશળતા વધારવામાં આવી રહી છે. ગુગલ અને ઈન્ટેલ સાથે ભાગીદારીમાં મહિલાઓ માટે નેટ પહેલની શરૂઆત કરવામાં આવી



ચુકી છે. રતન તાતાના નેતૃત્વમાં તાતા ટ્રસ્ટ દ્વારા ગુગલ અને ઈન્ટેલ સાથે સમજૂતિ કરવામાં આવી છે જેથી આ પહેલ હેઠળ મોટી સંખ્યામાં ઈન્ટરનેટનો ઉપયોગ મહિલાઓ કરી શકશે. તાતાએ એમ પણ કહ્યું હતું કે, ઈન્ટરનેટ ભારતને શિક્ષિત બનાવશે. વિધિવત આજીવિકા ન ધરાવનાર ઘણી બધી મહિલાઓને ઈન્ટરનેટથી આજીવિકા પણ મળશે. દેશના દુરગામી વિસ્તારોમાં વેપાર કારોબાર ફેલાશે. મોદી દ્વારા બુધવારના દિવસે લોંચ કરવામાં આવેલા ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામથી ત્રણ રીતે સમગ્ર પ્રક્રિયા આગળ વધશે. મોદી દેશમાં ડિજિટલ ક્રાંતિ લાવવાની દિશામાં આગળ વધી ચુકયા છે. મોદીએ ઈલેક્ટ્રોનિક્સ સાધનોના નિર્માણમાં સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની વાત કરી છે. મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમને વધુ અસરકારક બનાવવામાં આવશે. ભારત ઈલેક્ટ્રોનિક્સ સાધનોની આયાત માટે બીજા ક્રમાંક ઉપર છે. દેશના ટોપ ઈન્ડસ્ટ્રીયલ હાઉસ ડિજિટલ ઈન્ડિયા હેઠળ ૪.૫ લાખ કરોડનું રોકાણ કરનાર છે. લોકોને ઘણા સમય બાદ સુવિધા મળવા જઈ રહી છે. બીજી બાજુ ગુગલના કારોબારીઓએ કહ્યું હતું કે, મહિલા યુઝરોમાં ગ્રોથ ખુબ જરૂરી છે. કુલ ગ્રામીણ ઈન્ટરનેટ વપરાશકારો પૈકી મહિલાઓનો આંકડો ખુબ ઓછો છે.

**ભારતમાં લશ્કરી હેલિકોપ્ટર બનાવાશે**

## એરબસની મહિન્દ્રા સાથે હેલિકોપ્ટર સંદર્ભે કરાર

નવીદિલ્હી,તા.૩

યુરોપના એરબસ ગ્રુપ અને ભારતના મહિન્દ્રા ગ્રુપે સંયુક્તરીતે લશ્કરી હેલિકોપ્ટર બનાવવા માટે સમજૂતિ કરી છે જેના ભાગરુપે સશસ્ત્ર દળોને ફાયદો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. એક નિવેદનમાં કંપનીએ કહ્યું છે કે, ભારતના સશસ્ત્ર દળ તરફથી ઓર્ડર મળી રહ્યો છે. એરબસ મહિન્દ્રા સાથે મળીને હેલિકોપ્ટરોનું નિર્માણ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના સૌથી મોટા શસ્ત્ર આયાતકાર તરીકે ભારતની સ્થિતિનો અંત લાવવા વધુ



સ્વદેશી નિર્માણને પ્રોત્સાહન આપવાની યોજના ધરાવે છે. આજ કારણસર જુદી જુદી કંપનીઓને સ્વદેશી નિર્માણ માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. નરેન્દ્ર મોદીએ મેક ઈન ઈન્ડિયાની પહેલ પણ કરી છે જેના ભાગરુપે જુદી જુદી કંપનીઓ આગળ આવી રહી છે. ભારત સશસ્ત્ર દળોના આધુનિકીકરણ માટે સંપૂર્ણપણે તૈયાર છે. આગામી દશકમાં ૨૫૦ અબજ ડોલરનું ખર્ચ કરવામાં આવનાર છે. એરબસ ગ્રુપના ભાગરુપે એરબસ હેલિકોપ્ટર મહિન્દ્રા સાથે મળીને આગળ વધશે. ઘણી ભારતીય કંપનીઓ સાથે વાત થઈ ચુકી છે. ઘરઆંગણે શસ્ત્ર નિર્માણમાં ભારત આગળ વધવા ઈચ્છુક છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, તાતા ગ્રુપ સહિતની કંપનીઓ પણ શસ્ત્ર નિર્માણમાં જુદી જુદી કંપનીઓ સાથે સંયુક્ત સાહસ કરી ચુકી છે.

## બજારમાં તેજી : સેંસેક્સ ફરી એકવાર ૨૮,૦૦૦થી ઉપર

મુંબઈ,તા. ૩

શેરબજારમાં આજે તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેંસેક્સ ૧૪૭પોઈન્ટ ઉછળીને ૨૮૦૯૩ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૪૦ પોઈન્ટ ઉછળીને ૮૪૮૫ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં આજે તેજી માટે કેટલાક કારણોજવાબદાર રહ્યા હતા. કેટલાક શેરમાં જોરદાર લેવાલી જામી હતી. ટોપ શેરમાં તેજી રહેતા કારોબારીઓ ખુશખુશાલ દેખાયા હતા. બેંચમાર્ક ઈન્ડેક્સમાં આજે સ્થિતિ સારી રહી હતી. નકારાત્મક પરિબળો હોવા છતાં સ્થિતિ સારી રહી હતી. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. માર્કેટ બ્રીડ્થ હકારાત્મક જોવા મળી હતી. ૧૫૨૬ શેરમાં તેજી અને ૧૬૫૪ શેરમાં મંદી રહી હતી. આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન કહી ચુક્યા છે કે, અર્થતંત્રમાં તેજી જોવા મળી રહી છે. મૂડીરોકાણ વધી રહ્યું છે તેની સીધી અસર આજે બજાર ઉપર હતી. એચડીએફસી ગ્રુપ અને ફાર્માના શેરના નેતૃત્વમાં તેજી જામી હતી. અમેરિકામાં જોબના નબળા આંકડા જારી કરવામાં આવી ચુક્યા છે જેથી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો કરવાને લઈને વિલંબ થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. અમેરિકામાં જૂન મહિનામાં ૨૨૩૦૦૦ નવી નોકરીઓ ઉમેરાઇ છે. લેબર ડિપાર્ટમેન્ટના આંકડા દર્શાવે છે કે, મે મહિનામાં ૨૫૪૦૦૦ નોકરી ઉમેરાઈ હતી. મેટલના શેરમાં આજે ચમક ઓછી થઇ હતી. સેક્ટરલ મોરચે બીએસઇ બેંકેક્સ, હેલ્થકેર, કેપિટલ ગુડ્ઝ અને કન્ઝ્યુમર ડ્યુબેરલમાં ૦.૫-૦.૮ ટકા વચ્ચેનો ઉછાળો રહ્યો હતો. રિયાલીટી, ઓટો અને મેટલ ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો ઉછાળો રહ્યો હતો. એલ એન્ડ ટીમાં ૦.૬ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો તેના શેરમાં તેજી માટે કેટલાક કારણો રહ્યા હતા જે પૈકી કંપનીને ૧૮૮૫ કરોડનો ઓર્ડર મળ્યો છે તે કારણ પણ જવાબદાર છે. લુપિનમાં બે ટકાનો ઉછાળો રહ્યો હતો. કેટલાક શેરમાં ઘટાડો પણ રહ્યો હતો. જેમાં તાતા મોટર્સનો સમાવેશ થાય છે. તેના શેરમાં ૦.૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો. પસંદગીના આઈટી શેરમાં દબાણની સ્થિતિ રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે બે દિવસથી ચાલતી તેજી ઉપર બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે સેંસેક્સ ફરી એકવાર ૨૮૦૦૦ની ગુમાવી દેતા કારોબારીઓ ચિંતિત દેખાયા હતા.ગુરૂવારે સેંસેક્સ ૭૫ પોઈન્ટ ઘટીને ૨૭૯૪૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૮ પોઈન્ટ ઘટીને ૮૪૪૪ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટીએ પણ ૮૪૫૦ની સપાટી ગુમાવી દીધી હતી. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૦.૪ અને ૦.૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો.

## વિમ્બલ્ડનમાં રાફેલ નડાલ હારી જતા અપસેટ સર્જાયો

લંડન,તા. ૩

ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે રમાઈ રહેલી વર્ષની ત્રીજી ગ્રાન્ડ સ્લેમ અને ટેનિસની સૌથી મોટી સ્પર્ધા વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં આજે મોટો અપસેટ સર્જાયો હતો. સ્પેનના સ્ટાર ખેલાડી રાફેલ નડાલની જર્મનીના ક્વાલિફાયર ખેલાડી ડસ્ટીન બ્રાઉન સામે હાર થઈ હતી. આની સાથે જ તેની સતત ચોથી વખત અહીં હાર થઈ છે.નડાલ હારી જતા મોટી સંખ્યામાં ચાહકો નિરાશ થયા હતા. જો કે નડાલે હાર બાદ કહ્યું હતુ કે તેના માટે આ દુખદ ક્ષણ છે પરંતુ તે ફરી વધારે તાકાત સાથે મેદાનમાં ઉતરશે. વર્ષ ૨૦૦૮ અને ૨૦૧૦મા ચેમ્પિયન બનેલા નડાલની ડસ્ટીન સામે ૭-૫, ૩-૬, ૬-૪ અને ૬-૪થી હાર થઈ હતી. આ મેચ દરમિયાન ડસ્ટીને કુલ ૧૩ એસ સર્વિસ ફટકારી હતી. સાથે સાથે ૫૮ વિનર્સની સિદ્ધી મેળવી હતી. ૨૯ વર્ષીય નડાલની ક્વાલિફાયર સામે પ્રથમ વખત હાર થઈ છે.

## ભારતનું અર્થતંત્ર બે ટ્રિલિયન ડોલરનું થયું : વર્લ્ડ બેંક

નવીદિલ્હી,તા. ૩

વર્લ્ડ બેંકના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, ભારત હવે બે ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર ધરાવનાર દેશ બની ગયો છે. વર્લ્ડબેંકના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતનો જીડીપીનો આંકડો વર્ષ ૨૦૧૪માં ૨ ટ્રિલિયન ડોલરથી ઉપર પહોંચી ગયો છે અને હાલમાં ભારતનું અર્થતંત્ર ૨.૦૬૭ ટ્રિલિયન ડોલરનું છે. માત્ર સાત વર્ષના ગાળામાં ભારતે તેના અર્થતંત્રમાં એક ટ્રિલિયનનો ઉમેરો કર્યો છે. આવકની દ્રષ્ટિએ ભારત હજુ પણ લોવર મિડલ ઈન્કમ કેટેગરીમાં આવે છે. ભારતની ગ્રોસ



નેશનલ ઈન્કમ પ્રતિવ્યક્તિ ૧૬૧૦ ડોલરની આસપાસ છે જેને વર્તમાન એક્સચેંજ રેટમાં ગણવામાં આવે તો ૧૦૧૪૩૦ રૂપિયાની આસપાસ છે. આ વર્ષે ભારત વિશ્વના સૌથી ઝડપથી ઉભરી રહેલા અર્થતંત્રમાં ચોક્કસપણે સ્થાન ધરાવે છે પરંતુ ભારતને હજુ પણ ઘણા ક્ષેત્રોમાં આગળ વધવાની જરૂર છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર રઘુરામ રાજને કહ્યું છે કે, ભારતીય અર્થતંત્ર રિકવરીના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. મૂડીરોકાણમાં સ્થિતિ ખુબ મજબૂત દેખાઈ રહી છે. ભારતમાં જીડીપી ગ્રોથને જુદા જુદા વર્ષો મુજબ ધ્યાનમાં લેવામાં આવે તો ચિત્ર બિલકુલ સ્પષ્ટ થઈ જાય છે. રાજનનું કહેવું છે કે, ગ્રીસમાં હાલ મંદી પ્રવર્તી રહી છે ત્યારે તેની કોઈ અસર ભારતમાં દેખાઈ રહી નથી. ભારતમાં તેની અસર મર્યાદિત થયેલી છે. શરૂઆતમાં ઉથલપાથલને બાદ કરતા ભારતમાં અસર ખુબ મર્યાદિત છે. મોનસુનના પ્રશ્ને ગવર્નરે કહ્યું છે કે, હજુ સુધી સારા વરસાદી આંકડા હાથ લાગ્યા છે. મોનસુનની સ્થિતિ સામાન્ય કરતા વધારે રહી છે. આવનાર દિવસોમાં તેમાં આવી સ્થિતિ રહે તેવી આશા અમે રાખી રહ્યા છે. યુરોની સ્થિતિ અને ડોલરની સ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે.

**કિરેન રિજ્જુએ વિવાદ છેડ્યો**

## એર ઈન્ડિયાની ફ્લાઈટ વિલંબના અહેવાલ ખોટા

નવી દિલ્હી,તા. ૩

ગૃહરાજ્યમંત્રી કિરેન રિજ્જુએ આજે વિવાદાસ્પદ નિવેદન કરતા કહ્યું હતું કે, એર ઈન્ડિયાની ફ્લાઈટમાં વિલંબના અહેવાલ બિલકુલ પાયાવગરના છે. દિલ્હી-લેહ એર ઈન્ડિયા ફ્લાઈટમાં વિલંબના આરોપો આધારવગરના છે. તેમણે ઉમેર્યું હતું કે, અહેવાલમાં કોઈ વાસ્તવિકતા નથી. આ મામલો પૂર્ણ થઈ ચુક્યો છે. રિજ્જુએ ખુલાસો કરતા કહ્યું હતું કે, તેમના કારણે કોઈપણ વ્યક્તિને વિમાનમાંથી ઉતારવામાં આવ્યા ન હતા. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ વિવાદને બિનજરૂરીરીતે ચગાવવામાં આવ્યો છે.



**ડોનેશન મારફતે ૨૨૮૪૦૦૦૦૦ રકમ મળી**

## શિરડી સાંઈબાબ મંદિરમાં દાનમાં થયેલો જંગી વધારો

શિરડી,તા. ૩

વિશ્વ પ્રસિદ્ધ શિરડી સાંઈબાબા મંદિરમાં આવી રહેલા દાનમાં અભૂતપૂર્વ વધારો થયો છે. શ્રદ્ધાળુઓ તરફથી મોટા પ્રમાણમાં દાન હજુ પણ મળી રહ્યું છે. છેલ્લા થોડાક વર્ષમાં



મળેલા દાનના પરિણામ સ્વરુપે શિરડી સાંઈબાબાની સંપત્તિ અનેક ગણી વધી છે. શિરડી સાંઈબાબા સંસ્થાન ટ્રસ્ટ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. સંસ્થાના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુંછે કે, આંકડો વધ્યો છે તેના કહેવા મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં ઓનલાઈન અથવા તો હુંડી (રોકડ બોક્સ)માં દાન મારફતે ૨૨૮૪૦૦૦૦૦ રકમ મળી છે. ૨૦૧૨-૧૩થી ૨૦૧૪-૧૫ના ગાળામાં આ અભૂતપૂર્વ રકમ મળી છે. શિરડી સાંઈબાબ સંસ્થાન ટ્રસ્ટના કારોબારી અધિકારી રાજેન્દ્ર જાધવ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. તેમનું કહેવું છે કે, જુદા જુદા દેશોમાંથી શ્રદ્ધાળુઓ દ્વારા નાણાંકીય વર્ષમાં રોકડ બોક્સમાં ૧૭૮૭૫૩૪૬૫ રૂપિયા આપ્યા છે. જ્યારે તેઓએ આ ગાળા દરમિયાન ઓનલાઈન ૪૯૬૯૩૧૦૯ રૂપિયા દાનમાં આપ્યા છે. સંસ્થાનું કહેવુંછે કે, નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩માં રોકડ બોક્સમાં વિદેશી ચલણ રુપે ૫૭૩૪૬૧૨૭ રૂપિયા આવ્યા છે જ્યારે ૨૦૧૩-૧૪માં ૬૦૨૫૬૬૬૧ રૂપિયાની રકમ વિદેશી ચલણમાં આવી છે અને ૨૦૧૪-૧૫માં વિદેશી ચલણ રુપે ૬૧૧૫૦૬૭૭ની રકમ વિદેશી ચલણ રુપે આવી છે. જ્યાં સુધી ઓનલાઈન દાનની વાત છે વર્ષ ૨૦૧૨-૧૩માં શ્રદ્ધાળુઓ ૯૭૪૦૭૫૧ રૂપિયા આપ્યા હતા. જ્યારે આ આંકડો ૨૦૧૩-૧૪માં ૧૫૩૧૦૧૧૪ થઈ ગયો હતો. ૨૦૧૪-૧૫માં આ આંકડો વધીને ૨૪૬૪૨૨૪૪ થઈ ગયો હતો. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં શિરડી સાંઈબાબા સંસ્થાન ટ્રસ્ટને તેની હુંડી અથવા તો રોકડ બોક્સમાં ૯૪ દેશો તરફથી દાન મળ્યું છે જેમાં અમેરિકા તરફથી સૌથી વધારે રકમ મળી છે. ૫૪ લાખ રૂપિયાના યુરો અને ૫૧ લાખની કિંમતના સિંગાપુર ડોલર પણ મળ્યા છે.

ટ્રસ્ટે જુદી જુદી રાષ્ટ્રીયકૃત બેંકોમાં ફિક્સ્ડ ડિપોઝિટ તરીકે ૧૪૧૩ કરોડ રૂપિયા મુક્યા છે જ્યારે ૧૦૦ કરોડતી વધુની કિંમતનું ૩૭૬ કિલો સોનું અને ૧૪ કરોડથી વધુ કિંમતની ચાંદી અને સાત કરોડથી વધુ કિંમતના ડાયમંડ પણ બેંકમાં જમા છે.

**ફેસબુક પર એકસાથે ૧૧ ત્રાસવાદીઓનો ફોટો**

## અમરનાથ યાત્રા ઉપર ફરીથી ખતરો : ત્રાસવાદીઓની નજર

જમ્મુ,તા.૩

વાર્ષિક અમરનાથ યાત્રા શરૂ થઇ ચુકી છે ત્યારે તેના પર ફરી એકવાર હુમલાની દહેશત દેખાઈ રહી છે. કારણ કે હિઝબુલ મુઝાહીદ્દીન સંગઠનમાં હાલમાં સામેલ થયેલા ૧૧ યુવા ત્રાસવાદીઓએ સામૂહિકરીતે તેમનો ફોટો ફેબબુક પર રજૂ કરીને સુરક્ષા દળોની ચિંતા વધારી દીધી છે. ત્રાસવાદીઓ સેનાના યુનિફોર્મમાં છે.તેમની પાસે હથિયારો પણ છે. અમરનાથ યાત્રા શરૂ થઈ ચુકી છે. જે ૫૯ દિવસ સુધી ચાલનાર છે.



અમરનાથ યાત્રા માટે હજુ સુધી બે લાખથી વધારે શ્રદ્ધાળુઓ તેમની નોંધણી કરાવી ચુકયા છે.દરમિયાન અમરનાથ યાત્રીઓની પ્રથમ બેચને વહેલી સવારે જમ્મુ બેઝ કેમ્પથી લીલીઝંડી આપી દેવામાં આવી હતી. પ્રથમ બેચમાં ૫૦૦૦થી વધારે શ્રદ્ધાળુઓ રહેલા છે. અમરનાથ યાત્રા માર્ગ અને અન્યત્ર સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલા લીધા છે.જમ્મુ કથિઆ રેંજના પોલીસ નાયબ મહાનિર્દેશક અશ્કુરવાનીએ કહ્યુ છે કે જમ્મુ કાશ્મીર પોલીસની કુલ ૧૬ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. દક્ષિણ કાશ્મીર હિમાલયમા સ્થિત પવિત્ર અમરનાથ ગુફામાં દર્શન કરવા માટે આવનાર શ્રદ્ધાળુઓની સુરક્ષાની જવાબદારી આ પોલીસ ટુકડીની છે. ભગવતી નગર બેઝ કેમ્પમાં એક નિયંત્રણ કેમ્પ પણ બનાવીને લોકોની મદદ કરવામાં આવનાર છે. દેશભરમાંથી આવનાર લોકોને ૨૪ કલાકની સુરક્ષા અપાશે. અમરનાથ ગુફા તરફ દોરી જતા માર્ગ પર લોંખડી સુરક્ષા ગોઠવી દેવામાં આવે છે. યાત્રાને ટાર્ગેટ બનાવીને હુમલો કરવાની યોજના ત્રાસવાદીઓન રહી છે. શ્રદ્ધાળુઓની સાથે પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો રહેશે. કેન્દ્રીય પોલીસ દળની ટુકડી પણ તૈનાત રાખવામાં આવી છે. સેનાની પણ મદદ લેવામાં આવી રહી છે. આર્મી, બીએસએફ, સીઆરપીએફ અને પોલીસ ટુકડી પણ ગોઠવી દેવામાં આવી છે.

## કોપા અમેરિકા : આર્જેન્ટિના અને ચીલી વચ્ચે જંગ ખેલાશે

ઈસ્ટાડિયો,તા. ૩

કોપા અમેરિકા કપ ફુટબોલની ફાઈનલ મેચમાં આવતીકાલે આર્જેન્ટિના અને યજમાન ચીલી વચ્ચે ખરાખરીનો જંગ ખેલાનાર છે. જેની તમામ તૈયારી ચીલીના આયોજકો દ્વારા કરી લેવામાં આવી છે. આ મેચને જોવા માટે કરોડો ફુટબોલ પ્રેમી ભારે ઉત્સુક દેખાઈ રહી છે. લિયોનેલ મેસ્સીના નેતૃત્વમાં આર્જેન્ટિના જોરદાર દેખાવ કરવા તૈયાર છે. તે



૨૨ વર્ષમાં પ્રથમ મોટી સ્પર્ધા જીતવા માટે તૈયાર છે. બીજી બાજુ યજમાન ચીલીનો આ વખતે શાનદાર દેખાવ રહ્યો છે. તે જોતા તે પણ હોટફેવરીટ છે. ક્લાસિક ફાઈનલ મેચ રોમાંચક, દિલધડક રહે તેમ માનવામાં આવે છે. વર્ષ ૧૯૯૩ બાદથી પ્રથમ ઈન્ટરનેશલ ટ્રોફી જીતવા માટે આર્જેન્ટિના તૈયાર છે. ગયા વર્ષે વર્લ્ડ કપની ફાઈનલમા આર્જેન્ટિનાની જર્મની સામે હાર થઈ હતી. કોપા અમેરિકા ફુટબોલની બીજી સેમીફાઈનલમાં આર્જેન્ટિનાએ પરાગ્વેને ૬-૧થી કચડી નાંખીનેફાઈનલમાં આગેકુચ કરી લીધી હતી. હવે ફાઈનલમાં આર્જેન્ટિના શનિવારના દિવસે યજમાન ચીલી સામે ટકરાશે. આ મેચ હાઈ પ્રોફાઈલ બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ગયા વર્ષે વર્લ્ડ કપમાં આર્જેન્ટિનાની ટીમ રનર્સ અપ રહી હતી. આર્જેન્ટિના હવે કોપા અમેરિકા કપમાં ૨૨ વર્ષ બાદ તાજ જીતવા માટે ફેવરીટ છે. આર્જેન્ટિના તરફથી એન્જેલ ડી મારિયોએ બે ગોલ કર્યા હતા. જ્યારે માર્કોસ રોજો, ઝેવિયર પાસ્ટોર, એગુરો અને ગોન્ઝાલોએ એક એક ગોલ કર્યા હતા. અગાઉ ગઈકાલે પ્રથમ સેમીફાઈનલમાં યજમાન ચીલીએ ૧૦ ખેલાડીઓ સાથે રમી રહેલી પેરુની ટીમ ઉપર ૨-૧થી જીત મેળવીને ફાઈનલમાં આગેકૂચ કરી લીધી હતી. આની સાથે જ યજમાન ચીલીએ પ્રથમ વખત દક્ષિણ અમેરિકન કપ કોપા અમેરિકાનો તાજ જીતી લેવાની આશા જીવંત રાખી છે. ચીલી તરફથી સ્ટાર સ્ટ્રાઈકર એડુઆર્ડો વર્ગાસે બે ગોલ ફટકારીને ચીલીની આશાને જીવંત રાખી હતી. વર્ગાસે એક પછી એક ગોલ ફટકાર્યા હતા. વર્ગાસે લાંબા અંતરથી ૬૪મી મિનિટમાં ગોલ ફટકાર્યો હતો અને પોતાની ટીમનો પ્રથમ કોપા અમેરિકાની ફાઈનલમાં સ્થાન અપાવી દેવામાં સફળતા મેળવી હતી. ચીલી ૨૮ વર્ષમાં પ્રથમ વખત કોપા અમેરિકાની ફાઈનલમાં પહોંચી ગઈ છે. પેરુ ત્રીજી વખત કોપા અમેરિકા કપ જીતવાના પ્રયાસમાં હતું પરંતુ તેની આશા પર પાણી ફરી વળ્યું હતું. પેરુએ ૧૯૭૫ બાદથી કોપા અમેરિકા કપમાં જીત મેળવી નથી. પેરુની ટીમ ૨૦૧૧માં સેમીફાઈનલમાં હારી ગઈ હતી. બીજીબાજુ ચીલીની ટીમ છેલ્લે ૧૯૮૭માં કોપા અમેરિકા કપની ફાઈનલમાં પહોંચી હતી. પરંતુ તે વખતે તે ઉરુગ્વે સામે હારી ગઈ હતી.બ્રાઝિલ પહેલાથી જ આઉટ થઈ ચુક્યું છે.કોપા અમેરિકા કપની ફાઈનલ મેચ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ તૈયારી કરવામાંઆવી છે.